eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 120
Sept. 21, 2007

## શહેર વિકાસ ખાતુ (મધ્યસ્થ)ની અખબાર યાદી



શહેર સુરતનાં સૈયદપુરા પંપીગ સ્ટેશનની સામે આવેલ વોર્ડ નં.૭, નોંધ નં.૨૫૨૪ થી ૨૫૩૪ માં આવેલ 'મનોહર કોમ્પ્લેક્ષ' થી ઓળખાતી મીલ્કતમાં મંજુર પ્લાન કરતાં વિરૂધ્ધના થયેલ બાંધકામને લગતી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી, શ્રી વિઠ્ઠલભાઈ મુળજીભાઈ તથા અન્યોને મનાઈ હુકમ તથા કારણદર્શક નોટીસ તા.૧૮/૦૮/૦૭ થી બજાવવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવા સદન સંચાલિત સેન્ટ્રલ ઝોન વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગની મેલેરીયા, ડેગ્યું, ચિકનગુનિયા વિરોધ કામગીરીની વણથંભી આગેકૂચ.

સુરત મહાનગર સેવા સદન સેન્ટ્રલ ઝોન હસ્તકનાં વીબીડીસી વિભાગ દ્વારા મચ્છરની ઉત્પત્તિ અને મેલેરીયા, ડેગ્યું, ચિકનગુનિયા વિગેરે જેવા મચ્છર જન્ય રોગોનાં નિયંત્રણ માટે સમગ્ર સેન્ટ્રલ ઝોન કાર્યક્ષેત્ર હેઠળનાં વિસ્તારમાં કરવામાં આવતી ખુબજ સઘન કામગીરી અંતર્ગત તા.૮/૦૯/૦૭ થી તા.૧૨/૦૯/૦૭ દરમ્યાન કુલ–૯૩૪૧ ઘરોમાં ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે હાથ ધરી મચ્છરની ઉત્પત્તિ માટે જવાબદાર કુલ–૧૮૨૧૭ સ્પોટ (માધ્યમ) શોધી કાઢી મચ્છરનાં કુલ–૧૦૫ બ્રીડીંગ શોધી તેનો ખાતાના કર્મચારીશ્રીઓ દ્વારા સ્થળ ઉપર જ નાશ કરવામાં આવ્યો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા) માં (નાના વરાછા – કપોદ્રા) તથા ફુલપાડા વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામનું ડીમોલીશન.

(૧) વરાછા મેનઈ રોડ પર ટી.પી.સ્કીમ નં. ૨૦ (નાના વરાછા – કાપોદ્રા), ફા.પ્લો.નં.૬૭ નવી ટાંકી પાળ પાસે ૧૪×૪૫ના માપ વિસ્તારમાં કરવામાં આવેલ બાંધકામ હેતુફેર કરી રહેઠાંણના બદલે બનાવવાના ઈરાદે બેસડવામાં આવેલ શટર કુલ નંગ – ૫ તથા પતરા નંગ – ૨૧ દુર કરી જપ્ત કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા)માં લારીઓનું દબાણ દૂર કરવાની કામગીરી

(૧) ઈશ્વરકૃપા મેઈન રોડ, રાધાકૃષ્ણ મેઈન રોડ, હીરાનગરરોડ, પરથી તા.૧૨/૦૯/૦૭ના રોજ સવારે ત્રણ રાઉન્ડ તથા બપોર બાદ ત્રણ રાઉન્ડ સાંજે ૭.૩૦ વાગ્યા સુધી દબાણ હટાવવાની કામગીરી ચલાવવામાં આવી હતી જેમાં રોડ ઉપર બેઠેલા શાકભાજીના પાથરણાવાળા, ફીકસ લારીઓ તથા દુકાનદારો દ્વારા રસ્તા તથા ફુટપાથ પર જાહેરાતના બોર્ડ તથા માલસામાન મુકી જાહેર રસ્તા પર કરવામાં આવતા દબણને કારણે વાહન વ્યવહારમાં અડચણ ઉપસ્થિત થતી હતી તે દુર કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ઈમ્પેકટ ફી/પાર્કીંગ ક્રીએશન ફી અંગે કરવામાં આવેલ કામગીરી

(૧) વોર્ડ નં.૧ (નાનપુરા) નોંધ નં.૭૯૮ વલ્લભ કોમ્પલેક્ષના નામે ઓળખાતી કોમર્શીયલ બિલ્ડીંગમાં ઈમ્પેકટ ફી/પાર્કીંગ ક્રીએશન ફી ભરવા અવારનવાર તાકીદ કરવા છતા નાણા ભરપાઈ ન કરતા નીચે મુજબની ઓફિસ/ગોડાઉનને સીલ કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ તરીકે ઉજવણીના ઉપલક્ષમાં વકતૃત્વ તથા વેશભૂષા સ્પર્ધાનું આયોજન

તા.૨ જી ઓકટોબર ૨૦૦૭ ને વિશ્વમાં "આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ તરીકે ઉજવણીના ઉપલક્ષમાં સુરત મહાનગર સેવાસદન સંચાલિત સ.વ.પટેલ મ્યુઝિયમ તરફથી તા.૧ અને ૨ ઓકટોબર ૨૦૦૭ દરમ્યાન વકતૃત્વ તથા વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## કતારગામ ઝોન ખાતે યોજાયેલ "આપના ઝોનના દ્વારે" કાર્યક્રમ

તા.૧૮/૦૯/૦૭ નાં રોજ સવારે ૧૦–૩૦ કલાકે મેયરશ્રી ડો.કનુભાઈ માવાણીના અધ્યક્ષપણા હેઠળ "આપના ઝોનના દ્વારે" કાર્યક્રમ હેઠળ કતારગામ કોમ્યુનીટી હોલ ખાતે કતારગામ ઝોન વિસ્તારનાં નાગરિકો દ્વારા રજુ થયેલ જાહેર સેવાને સ્પર્શતા પ્રશ્નો સાંભળવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સગરામપુરા ખાતે કોમ્યુનીટી હોલ તથા વાંચનાલય તેમજ સૈયદપુરા હોડીબંગલા ખાતે પ્રાથમિક શાળા તથા યુ.સી.ડી. સમુદાય કેન્દ્ર તેમજ ઉમ્મીદ ટ્રેનિંગ સેન્ટરની લોકાર્પણવિધિ



સુરત મહાનગર સેવાસદન દ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સગરામપુરા ખાતે કોમ્યુનીટી હોલ તથા વાંચનાલય તેમજ સૈયદપુરા હોડીબંગલા ખાતે પ્રાથમિક શાળા તથા યુ.સી.ડી. સમુદાય કેન્દ્ર તેમજ ઉમ્મીદ ટ્રેનિંગ સેન્ટરની લોકાર્પણવિધિ તા.૧૯/૦૯/૦૭ ના રોજ મા.મેયરશ્રી ડો.કનુભાઈ જી.માવાણીના વરદ હસ્તે સંપન્ન થઈ.

વધુ માટે કલીક કરો >>>>>>

# શહેર વિકાસ ખાતુ (મધ્યસ્થ)ની અખબાર યાદી



શહેર સુરતનાં સૈયદપુરા પંપીગ સ્ટેશનની સામે આવેલ વોર્ડ નં.૭, નોંધ નં.૨૫૨૪ થી ૨૫૩૪ માં આવેલ 'મનોહર કોમ્પ્લેક્ષ' થી ઓળખાતી મીલ્કતમાં મંજુર પ્લાન કરતાં વિરૂધ્ધના થયેલ બાંધકામને લગતી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી, શ્રી વિઠ્ઠલભાઈ મુળજીભાઈ તથા અન્યોને મનાઈ હુકમ તથા કારણદર્શક નોટીસ તા.૧૮/૦૮/૦૭ થી બજાવવામાં આવેલ. આ નોટીસનો મજકુર ઈસમોએ અમલ ન કરતા પ્રશનવાળું મંજુર પ્લાન કરતા વિરૂધ્ધ બાંધકામ દિન–૩ (ત્રણ) ની મુદતમાં દુર કરવા તા.૩૧/૦૮/૦૭ના પત્રથી તાકીદ કરવામાં આવેલ. જેનો પણ અમલ ન થતાં સદરહુ મીલ્કતમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કાર્યવાહી મધ્યસ્થ શહેર વિકાસ ખાતા દ્વારા આજરોજ હાથ ધરવામાં આવેલ છે. તે હેઠળ મંજુર પ્લાનમાં દર્શાવ્યા કરતા વિરૂધ્ધ ચોથો માળ બનાવવાના ઈરાદે કરવામાં આવેલ આર.સી.સી.સ્લેબનું બાંધકામ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. તે હેઠળ આશરે ૨૦૦૦ ચો.ફુટ વિસ્તારમાં સ્લેબનું બાંધકામ તોડી નાંખવામાં આવેલ છે. ત્યાર બાદ, નામ.હાઈકોર્ટમાં મીલ્કતદારો તરફથી સ્પે.સી.એ.નં.૨૨૯૦૫/૦૭ થી પીટીશન દાખલ કરી બાંધકામની યથાવત સ્થિતી જાળવી રાખવાનો વચગાળાનો મનાઈ હુકમ મેળવવામાં આવતા ડીમોલીશનની કામગીરી સ્થગિત કરવામાં આવેલે છે. મજકુર ઈસમો પાસેથી ડીમોલીશન ડીપોઝીટ પેટે રૂા.૧૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી માન.કમિશનરશ્રીની સુચના તથા મે.ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રીના માર્ગદર્શન હેઠળ તેમજ શહેર વિકાસ અધિકારીશ્રીના દેખરેખ હેઠળ મધ્યસ્થ શહેર વિકાસ ખાતા મારફત સેન્ટ્રલ ઝોન તથા નોર્થઝોન જમીન મીલ્કત/દબાણ વિભાગના સ્ટાફની મદદથી હાથ ધરાવમાં આવેલ છે.

TOP

## સુરત મહાનગર સેવા સદન સંચાલિત સેન્ટ્રલ ઝોન વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગની મેલેરીયા, ડેગ્યું, ચિકનગુનિયા વિરોધ કામગીરીની વણથંભી આગેકૂચ.

સુરત મહાનગર સેવા સદન સેન્ટ્રલ ઝોન હસ્તકનાં વીબીડીસી વિભાગ દ્વારા મચ્છરની ઉત્પત્તિ અને મેલેરીયા, ડેગ્યું, ચિકનગુનિયા વિગેરે જેવા મચ્છર જન્ય રોગોનાં નિયંત્રણ માટે સમગ્ર સેન્ટ્રલ ઝોન કાર્યક્ષેત્ર હેઠળનાં વિસ્તારમાં કરવામાં આવતી ખુબજ સઘન કામગીરી અંતર્ગત તા.૮/૦૯/૦૭ થી તા.૧૨/૦૯/૦૭ દરમ્યાન કુલ–૯૩૪૧ ઘરોમાં ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે હાથ ધરી મચ્છરની ઉત્પત્તિ માટે જવાબદાર કુલ–૧૮૨૧૭ સ્પોટ (માધ્યમ) શોધી કાઢી મચ્છરનાં કુલ–૧૦૫ બ્રીડીંગ શોધી તેનો ખાતાના કર્મચારીશ્રીઓ દ્વારા સ્થળ ઉપર જ નાશ કરવામાં આવ્યો તેમજ અન્ય પાણીજન્ય કુલ–૨૫૯૭ સ્પોટમાં અબેટ ટ્રીટમેન્ટ દ્વારા મચ્છરની ઉત્પત્તિ નિયંત્રીત કરવામાં આવી. મચ્છરનાં પોરા ઉત્પન્ન થઈ કશે તે માટેનાં માધ્યમોનું નિર્માણ કરતા ઈસમો, ખુલ્લા પ્લોટના માલિકો, ઓનગોંઈગ/બંધ કન્સ્ટ્રકશનનાં માલિકો, મોટી ઈમારતના મકાનોનામાં ભોંયરા (કે જેમાં પાણીના ભરાવો રહેતો હોય) તેવા મકાનનાં માલિકોને ખુબજ સખત આરોગ્ય રક્ષણ સંબંધી કુલ–૧૫ નોટીસ ફટકારી કુલ–૧૨ ઈસમો સામે કોર્ટ ફરીયાદ દાખલ કરી અને ઉકત મુજબના સ્પોટ (માધ્યમ) માં ખાતાકીય કામગીરી કરાવડાવી કુલ–૧૪ ઈસમો પાસેથી કુલ રૂા.૨૯,૪૦૦/– (અંકે રૂપિયા ઓગણત્રીસ હજાર ચારસો પુરા) વહીવટી ખર્ચ પેટે વસુલ લેવામાં આવ્યા.

વધુમાં અગામી દિવસોમાં મચ્છરની ઉત્પત્તિ માટે જરૂરી સ્પોટ (માધ્યમ) નું નિર્માણ કરતા ઈસમો સામે જલદ કાનુની કાર્યવાહી તેમજ મહાનગર સેવા સદન દ્વારા પુરી પાડવામાં આવતી સુવિધાઓ નળ કનેકશન, ડ્રેનેજ કનેકશન કાપવા સુધીની અને ગુમાસ્તાધારા લાયસન્સ/અન્ય લાયસન્સ રદ કરવા સુધીની સખત કાર્યવાહી હાથ ધરવામાં આવનાર હોય નાગરીકોને અપીલ/વિનંતી કરવામાં આવે છે કે, વપરાશી પાણી સંગ્રહ કરવાના તમામ સાધનો હવાચુસ્ત બંધ રાખી ધાબા, ખુલ્લા પ્લોટ, ભોંયરામાં કે અન્ય જગ્યોઓ થતા પાણી ભરાવાઓ નિયમીત સાફ કરી કાયમી ધોરણે નિકાલ કરવા તેમજ જાહેર આરોગ્યલક્ષી ખાતાકીય કામગીરી માટે કર્મચારીઓ તમારા ઘરે તમારા વિસ્તારમાં આવે તો તેમને સહકાર આપી સહભાગી થવા નમ્ર અપીલ કરવામાં આવે છે.

TOP

## પૂર્વઝોન (વરાછા) માં (નાના વરાછા – કપોદ્રા) તથા ફુલપાડા વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામનું ડીમોલીશન.

(૧) વરાછા મેનઈ રોડ પર ટી.પી.સ્કીમ નં. ૨૦ (નાના વરાછા – કાપોદ્રા), ફા.પ્લો.નં.૬૭ નવી ટાંકી પાળ પાસે ૧૪×૪૫ના માપ વિસ્તારમાં કરવામાં આવેલ બાંધકામ હેતુફેર કરી રહેઠાંણના બદલે બનાવવાના ઈરાદે બેસડવામાં આવેલ શટર કુલ નંગ – ૫ તથા પતરા નંગ – ૨૧ દુર કરી જપ્ત કરવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૧૫ (ફુલપાડા)માં, ફા.પ્લો.નં.૭૧માં આવેલ રૂપાલી સોસા.વિ–૨માં, સ.પ્લો.નં.૧ના મિલ્કતદાર દ્વારા ટી.પી. રસ્તાને લાગું માર્જીનમાં બનાવેલ નડતરરૂપ ઓટલા આશરે ૧૦૦ ચો.ફુ. જેટલા વિસ્તારમાં દુર કરવામાં આવેલ છે.

TOP

## પૂર્વઝોન (વરાછા)માં લારીઓનું દબાણ દૂર કરવાની કામગીરી

(૧) ઈશ્વરકૃપા મેઈન રોડ, રાધાકૃષ્ણ મેઈન રોડ, હીરાનગરરોડ, પરથી તા.૧૨/૦૯/૦૭ના રોજ સવારે ત્રણ રાઉન્ડ તથા બપોર બાદ ત્રણ રાઉન્ડ સાંજે ૭.૩૦ વાગ્યા સુધી દબાણ હટાવવાની કામગીરી ચલાવવામાં આવી હતી જેમાં રોડ ઉપર બેઠેલા શાકભાજીના પાથરણાવાળા, ફીકસ લારીઓ તથા દુકાનદારો દ્વારા રસ્તા તથા ફુટપાથ પર જાહેરાતના બોર્ડ તથા માલસામાન મુકી જાહેર રસ્તા પર કરવામાં આવતા દબણને કારણે વાહન વ્યવહારમાં અડચણ ઉપસ્થિત થતી હતી તે દુર કરવામાં આવેલ છે. આ કામગીરીમાં ૧૨ જેટલી ખુલ્લી લારીઓ, ૨ એસ.ટી.ડી.ના કેબીન, ૬ લોખંડના કાઉન્ટર, ૬ લોખંડના બાકડા, ૪ લાકડાના ટેબલ, ૮ લોખંડના ટેબલ, ૧૫ જાહેરાતના બોર્ડ, ૧ કંડમ ફ્રીજ અને મંડપનો સામાન મળી કુલ–૬૩ નંગ સામાન પૂર્વઝોન (વરાછા)ના દબાણ ડેપો પર જમાં લેવામાં આવેલ હતો.

(૨) તા.૧૩/૦૯/૦૭ના રોજ વરાછા મેઈન રોડ પર સિધ્ધકુટીર ધારૂકાવાળા કોલેજ પાસે તથા કાપોદ્રા ખાડીના બ્રીજ સુધીના રસ્તા ઉપર તેમજ ફુટપાથ ઉપર બેસી ફ્રુટ તેમજ શાકભાજીનો ધંધો કરતા હોવાથી મુખ્ય રસ્તાના વાહન વ્યવહારમાં મોટો ભાગનો રસ્તો દબાણગ્રસ્ત હતો તે ખુલ્લો કરવામાં આવેલ, જેમાં ૮ નંગ છત્રી, બેઠી કાંઠી એક, છાબ એક, ખુલ્લી લારી એક, કેરેટ પાંચ, લુઝ શાકભાજી ફળફળાદી વગેરે ડબાણ ડેપો ઉપર જમાં કરવામાં આવેલ તથા કાપોદ્રા ચાર રસ્તા પાસે આવેલ સ્ટીલ કટીંગ કરવાનું મશીન જપ્ત લઈ RMC કોન્ટ્રાકટરના ટેન્કર રસ્તા પરથી દુર કરી વાહન વ્યવહાર માટેનો રસ્તો ખુલ્લો કરેલ.

TOP

## સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ઈમ્પેકટ ફી/પાર્કીંગ ક્રીએશન ફી અંગે કરવામાં આવેલ કામગીરી

(૧) વોર્ડ નં.૧ (નાનપુરા) નોંધ નં.૭૯૮ વલ્લભ કોમ્પલેક્ષના નામે ઓળખાતી કોમર્શીયલ બિલ્ડીંગમાં ઈમ્પેકટ ફી/પાર્કીંગ ક્રીએશન ફી ભરવા અવારનવાર તાકીદ કરવા છતા નાણા ભરપાઈ ન કરતા નીચે મુજબની ઓફિસ/ગોડાઉનને સીલ કરવામાં આવેલ છે.

- બેઝમેન્ટ તથા ઓફિસ નં.૧૦૫, ૩૦૪ – શ્રી અમીત બી.શાહ
- ઓફિસ નં.૩૦૩ – શ્રી રમેશભાઈ વી.ટાંક

તથા અન્ય કબ્જેદારો પાસેથી રૂા.૭૭,૧૯૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

(૨) વોર્ડ નં.૪ નોંધ નં.૩૧૭૮/બ રાજમંઝીલ નામે ઓળખાતી મિલ્કતમાં મેઝેનાઈન ફલોરના કબ્જેદાર ગુજરાત સીકો ટેક્ષ્ટાઈલ પ્રા.લિ.ને ઈમ્પેકટ ફી ભરવા અવાર નવાર તાકીદ કરવા છતાં નાણા ભરપાઈ ન કરતા બી.પી.એમ.સી.એકટ ૨૬૮ મુજબની નોટીસ બજાવતા રૂા.૩,૩૯,૨૭૦/– ના એડવાન્સ ચેક ઈમ્પેકટ ફી પેટે પૂરે પૂરા વસૂલ લેવામાં આવેલ છે.

(૩) વોર્ડ નં.૫ નોંધ નં.૧૧૨૯–૩૦ ગુર્જર ફળીયામાં આવેલ મિલ્કતના મિલ્કતદાર શ્રી સોમચંદભાઈ બી.શાહ પાસેથી રૂા.૮૫,૦૦૦/– ઈમ્પેકટ ફી પેટે એડવાન્સ ચેક લેવામાં આવેલ છે.

આમ ઈમ્પેકટ ફી/પાર્કીંગ ક્રીએશન ફી પેટે રૂા.૫,૦૧,૪૬૦/– વસુલ લેવામાં આવેલ છે તથા ગોડાઉન/ઓફિસ નં.૪ સીલ કરવામાં આવેલ છે.

નજીકના દિવસોમાં ઈમ્પેકટ ફી તથા પાર્કીંગ ક્રીએશન ફી પેટે બાકી નાણાની કડક હાથે ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. તથા જરૂર પડયે દુકાનો/ઓફિસો સીલ કરવામાં આવનાર છે.

ઉપરોકત કામગીરી આસી.કમિશ્નરશ્રીની સુચનાથી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સુચનાથી અને કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ તથા દબાણ ખાતાના સ્ટાફની મદદની સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ છે.

TOP

## આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ તરીકે ઉજવણીના ઉપલક્ષમાં વકતૃત્વ તથા વેશભૂષા સ્પર્ધાનું આયોજન

તા.ર જી ઓકટોબર ર૦૦૭ ને વિશ્વમાં ''આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ તરીકે ઉજવણીના ઉપલક્ષમાં સુરત મહાનગર સેવાસદન સંચાલિત સ.વ.પટેલ મ્યુઝિયમ તરફથી તા.૧ અને ર ઓકટોબર ર૦૦૭ દરમ્યાન વકતૃત્વ તથા વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં વકતૃત્વ સ્પર્ધામાં માઘ્યમિક/ખુલ્લા વિભાગની અને વેશભૂષા સ્પર્ધામાં પ્રાથમિક વિભાગની સ્પર્ધા યોજવામાં આવેલ છે. આ બંન્ને સ્પર્ધા પંડિત દીન દયાળ ઉપાઘ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, લુર્ડઝ કોન્વેન્ટ સ્કુલની સામે, અઠવાલાઈન્સ, સુરત ખાતે યોજાશે. ભરેલા પ્રવેશપત્રો સ.વ.પટેલ મ્યુઝિયમ, ચોકબજાર સુરત આતે તારીખ ર૮/૦૯/ર૦૦૭ સુધી સ્વીકારવામાં આવશે.

TOP

# કતારગામ ઝોન ખાતે યોજાયેલ "આપના ઝોનના દ્વારે" કાર્યક્રમ

તા.૧૮/૦૯/૦૭ નાં રોજ સવારે ૧૦–૩૦ કલાકે મેયરશ્રી ડો.કનુભાઈ માવાણીના અધ્યક્ષપણા હેઠળ "આપના ઝોનના દ્વારે" કાર્યક્રમ હેઠળ કતારગામ કોમ્યુનીટી હોલ ખાતે કતારગામ ઝોન વિસ્તારનાં નાગરિકો દ્વારા રજુ થયેલ જાહેર સેવાને સ્પર્શતા પ્રશ્નો સાંભળવામાં આવેલ. આ કાર્યક્રમમાં અગાઉથી જાહેરાત કર્યા મુજબ કુલ–૨૦ અરજદારો તરફથી અરજી મળી હતી. તેઓના પેટા પ્રશ્નો સહિત કુલ–૧૭૬ પ્રશ્નો સ્થળ ઉપર સાંભળવામાં આવ્યા હતા, તે ઉપરાંત સ્થળ ઉપર બીજી ૦૯ જેટલી અરજીઓ મળી હતી. આ કાર્યક્રમમાં ૪૦૦ ઉપરાંત વ્યકિતઓ હાજર રહેલ અને પોતાના લાગત પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી. રજુઆતમાં મુખ્યત્વે પ્રશ્નોમાં હાલમાં નવા સમાવિષ્ટ વિસ્તારોમાં બેઝીક ફેસીલીટી જવી કે પાણી, ડ્રેનેજ, સ્ટ્રીટલાઈટ, રોડ વિગેરેને લગતી, લારી–ગલ્લાઓનું દબાણ, ટી.પી. સ્કીમનાં પ્રશ્નો વિગેરે હતા. તે ઉપરાંત નાના મોટા રસ્તાના પ્રશ્નો રજુ થયેલ. તમામ પ્રશ્નો અંગે ઝોનલ ચીફ/ઝોનલ ઓફિસર દ્વારા નિરાકરણ કરવાની ખાત્રી આપી હતી તેમજ મ્યુ.કમિશ્નરશ્રીએ પણ ટી.પી.સ્કીમ અંગે ઝડપથી કાર્યવાહી પુર્ણ કરવા તથા રજુ થયેલ પ્રશ્નો અંગે તાકીદે કાર્યવાહી હાથ ધરવા લાગતા અધિકારીઓને સૂચના આપી હતી. મા.મેયરશ્રી તરફથી પણ અરજદારોના પશ્નો સાંભળી માર્ગદર્શન આપવામાં આવેલ તથા જે તે નિતિ વિષયક પ્રશ્ન બાબતે અને સમસ્યાઓનું ઝડપી નિરાકરણ થાય તે દિશામાં નિર્ણય કરવામાં આવશે તેવું જણાવેલ હતુ અને તેઓશ્રી તરફથી સર્વે અધિકારીઓને રજુ કરેલ પ્રશ્નો સંદર્ભે ઝડપી નિકાલ કરવા જણાવવામાં આવેલ.

આ કાર્યક્રમમાં મા.મેયરશ્રી ઉપરાંત સ્થાયી સમિતિ ચેરમેન શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતા શ્રી રાજેશભાઈ દેસાઈ, વિરોધ પક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, આરોગ્ય સમિતિના ચેરમેન ડો.જગદીશભાઈ, સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતી છાયાબેન ભુવા, નગરનિયોજન સમિતિ ચેરમેન શ્રી વિવેકભાઈ પટેલ, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિના ચેરમેન શ્રીમતી રેણુકાબેન પદમનાભ શાહ તથા ઝોન વિસ્તારનાં તમામ મ્યુ.સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.

TOP

## સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સગરામપુરા ખાતે કોમ્યુનીટી હોલ તથા વાંચનાલય તેમજ સૈયદપુરા હોડીબંગલા ખાતે પ્રાથમિક શાળા તથા યુ.સી.ડી. સમુદાય કેન્દ્ર તેમજ ઉમ્મીદ ટ્રેનિંગ સેન્ટરની લોકાર્પણવિધિ



સુરત મહાનગર સેવાસદન દ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સગરામપુરા ખાતે કોમ્યુનીટી હોલ તથા વાંચનાલય તેમજ સૈયદપુરા હોડીબંગલા ખાતે પ્રાથમિક શાળા તથા યુ.સી.ડી. સમુદાય કેન્દ્ર તેમજ ઉમ્મીદ ટ્રેનિંગ સેન્ટરની લોકાર્પણવિધિ તા.૧૯/૦૯/૦૭ ના રોજ મા.મેયરશ્રી ડો.કનુભાઈ જી.માવાણીના વરદ હસ્તે સંપન્ન થઈ.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા મ્યુ.કમિ.શ્રી એસ.અપર્ણાએ ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, આમંત્રિત નગરજનો વિગેરેને આવકારતા જણાવ્યું કે પ્રાથમિક શિક્ષણ એ મહાનગર સેવાસદનની પ્રાથમિક ફરજ છે. આ વિસ્તારની માંગણીને ધ્યાને લઈને આ વ્યવસ્થા કરવામાં આવેલ છે. કુલ–૧૨૩૮ ચો.મી. વિસ્તારમાં અંદાજિત રૂા.૪૯ લાખના ખર્ચે ન.પ્રા.શાળાના ઓરડાઓ, યુ.સી.ડી. સમુદાય કેન્દ્ર અને ઉમ્મીદ ટ્રેનિંગ સેન્ટર તૈયાર કરવામાં આવેલ છે. જેમાં ભોંયતળિયે યુ.સી.ડી. કેન્દ્ર ઓરડા નંગ–૪ અને ટોયલેટ બ્લોક સહિત તેમજ પ્રથમ માળ અને બીજા માળે શિક્ષણ માટેના ઓરડા નંગ–૬, હોલ નંગ–૧, ટોયલેટ બ્લોક સહિત બનાવવામાં આવેલ છે, તથા ત્રીજા માળે ચાર ઓરડા અને ટોયલેટ બ્લોક સહિત ઉમ્મીદ તાલિમ કેન્દ્ર તૈયાર કરવામાં આવેલ છે. મહિલાઓના ઉત્થાન માટે રાજય સરકાર સક્રિય છે.



આજના કાર્યક્રમમાં જે ઉત્સાહ બતાવેલ છે, તેવો ઉત્સાહ ભવિષ્યમાં પણ બતાવશો. મા.મુખ્યમંત્રીશ્રી દ્વારા ઉમમીદ કાર્યક્રમ તૈયાર કરવામાં આવેલ છે, જે કાર્યક્રમ રોજગારલક્ષી હોય, જે યુવાનોને રોજગારી પુરી પાડવામાં મદદરૂપ બનશે. હૈદરાબાદથી એન.જી.ઓ. તરફથી પણ સહકાર મળેલ છે. આ ઉમ્મીદ ટ્રેનિંગ કાર્યક્રમ અંતર્ગત અંગ્રેજી તેમજ કોમ્પ્યુટરની તાલિમ આપવામાં આવશે. તેમજ અંતમાં મીડીયાને વિનંતી કરતાં આ કાર્યક્રમ અંગેની માહિતી લાભાર્થીઓને જણાવવામાં આવશે તેમ જણાવેલ.



શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈએ તેમના વકતવ્યમાં જણાવ્યું કે આજરોજ સુરત મહાનગર સેવાસદન દ્વારા સેન્ટ્રલ ઝોનમાં કોમ્યુનીટી હોલ, વાંચનાલય, ન.પ્રા.શાળા યુ.સી.ડી. કેન્દ્ર ગુજરાત સરકારે જાહેર કરેલા ઉમ્મીદ કાયક્રમ હેઠળ લોકાર્પણ થયેલ છે. સતત વિકસતા સુરત શહેરનું ગુણવત્તાલક્ષી શિક્ષણ, પર્યાવરણલક્ષી વાતાવરણ મળી રહે. ન.પ્રા.શાળામાં બાળકોને વાંચનાલયથી ઈત્તરવાંચનથી વ્યકિતત્વનો વિકાસ થાય તથા કોમ્યુનીટી હોલમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિનો વિકાસ થાય તેવી લાગણી વ્યકત કરી હતી.

પ્રમુખ સ્થાનેથી પ્રવચન કરતા મા.મેયરશ્રી ડો.કનુભાઈ જી. માવાણીએ જણાવ્યું હતું કે સુરત મહાનગર સેવાસદન દ્વારા લોકોને વિવિધ રીતે ઉપયોગી થાય તેવા પ્રકલ્પોનું નિર્માણ કરેલ છે. કેમ્પ ફાઉન્ડેશન તરફથી ઉમ્મીદ સેન્ટરનું ઉદઘાટન થયેલ છે.લોકોનું સામાજિક સ્તર સુધારવા માટે ૧૮ થી ૩૦ વર્ષ સુધીના વિકલાંગો, ત્યકતાઓને આના કારણે રોજગારી પ્રાપ્ત થશે. સ્પોકન ઈંગ્લીશ , રોજગારલક્ષી કાર્યક્રમ, કોમ્પ્યુટર શિક્ષણ મેળવી બહેનો પણ આ સેન્ટરમાં ટ્રેનિંગ લઈ રોજગાર મેળવી સ્વયં તથા પરિવારનો વિકાસ કરી શકશે. ઉપરોકત તમામ સવલતોની જાળવણી પ્રજાજનો કરશે તેવી લાગણી વ્યકત કરીએ છીએ.

આભારવિધિ સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષશ્રી શ્રીમતી છાયાબેન ભુવાએ કરી હતી.

કાર્યક્રમમાં મંચસ્થ મહાનુભાવો ઉપરાંત વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીગણ તથા વિશાળ સંખ્યામાં જનમેદનીએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP